# પ્રેસનોટ

ફરિયાદી સરિતાબેન જૈન દ્વારા નામદાર કોર્ટ નં.૧૩ મા ફો.પ. અ.નં.૧૮૨/૧૫ ના કામે નવરંગપુરા પોલીસ ઇન્સ્પેકટર તથા પોલીસ કર્મીઓ તથા ફરીયાદી ના સગાવ્હાલા તથા મળતીયાઓ ઉપર આઇ.પી.સી.કલમ ૨૦૧,૨૧૨,૨૦૮,૨૨૧,૪૬૫, ૪૭૧, ૧૧૪ તથા ૧૨૦ બી મુજબ ગુન્હો નોંધવા દાદ માંગેલ જેમા પોલીસ કમિશ્નર શ્રી ને પણ નોટિસ પાઠવેલ હોઇ નામદાર જજ શ્રી નાઓ દ્વારા બંન્ને પક્ષોને સાંભળયા બાદ કેસની વિગતો અવલોકન લઇ નામદાર સુપ્રિમકોર્ટ તથા જુદાજુદા કોર્ટો ના ચુકાદાઓ ધ્યાને લઇ ફરિયાદી ની રજુઆત ને શંકાના દાયરામા મુકી ફરિયાદીની અરજી કાઢી નાંખેલ છે અને પ્રિયંકા શ્રીવાસ્તવ v/s સ્ટેટ ઓફ યુપી ની તા ૧૯.૩.૧૫ ના જજમેન્ટ આધારે ૧૫૬(૩) ની ઇન્કવાયરી પણ આપેલ નથી જેમા નીચે દર્શાવેલ વિગતો અને તારણા નો સમાવેશ થાય છે.

ફરિયાદી ની ફરિયાદ જ શંકાસ્પદ હોઇ સંપુર્ણ સત્ય સાથે કોર્ટ સમક્ષ આવેલ ના હોય આ અરજી રદ કરેલ છે અને ઉલ્લેખ કરેલ છે કે કોઇ પણ પક્ષકાર બીજા પક્ષકાર સાથે લડવા કાયદાની જોગવાઇઓનો એક શસ્ત્ર તરીકે ઉપયોગ કરી શકે નહિ કાયદાની અદાલતો સત્યને સર્વોચ્ચતા આપવા માટે છે ત્યા અપ્રમાણિક અને અનૈતિક પક્ષકારોને કોઇ સ્થાન નથી પક્ષકારોની દરેક રજુઆતો સત્ય હોવી જ જોઇએ તે આદેશાત્મક છે કોઇ વ્યકિત પોતાના કહેવાતા અધિકારો માટે દબાણ લાવવાના હેતુથી કોઇ કાર્યવાહી કરવા અદાલત ને હાથા રુપ બનાવી શકે નહિ આ તકરાર સસરા પક્ષ ના લોકો સાથે મિલકત બાબતની હોય તે તકરારો અનુસંધાને ફરિયાદીએ પોલીસ અધિકારીઓ ઉપર પણ આક્ષેપો કરેલા હતા ઉપરોક્ત ફરિયાદી અદાલત મા પોતાની ફરિયાદો લઇને આવે તે બાબત ખરેખર તેની કાયદા પ્રત્યેની સમજ અને અદાલતો પ્રત્યેના માનની ભાવનાની અદાલત કદર કરે છે પરંતુ જયારે પક્ષકાર એક જ બનાવ વખતે જુદા જુદા બે નિવેદનો લઇ ને આવે તેવા સંજોગોમા અદાલત પોલીસ અધિકારી ને ગુનો રજીસ્ટર કરવા કહી શકે નહિ વિગતે તથ્યો જણાવી ફરિયાદ પક્ષની અરજી કાઢી નાંખી નામદાર કોર્ટે ચુકાદો આપેલ છે.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)